# નવસારી મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન, દુધિયા તળાવ, નવસારી – ૩૯૬૪૪૫

ફોન : (૨૬૩૭) ૨૫૦૨૫૩ Email : mc-nmc@gujarat.gov.in


જા.નં.: નવ.મનપા/મ્યુ.સેક્રેટરી શાખા/૧૮૩/૨૦૨૫ તા.૧૭/૧૦/૨૦૨૫

**વિષય:**-નવસારી શહેરમાં પશુ ત્રાસ અટકાવવા અને નિયંત્રણ જી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૭ની કલમો અંતર્ગત પોલીસી - ૨૦૨૫ બનાવવા કામ મંજુર કરવા બાબત.

**સંદર્ભ:**- નવસારી મહાનગરપાલિકા વહીવટદારશ્રીનાં ઠરાવ નં.-૨૪૩, તા.૧૩/૧૦/૨૦૨૫

નવસારી મહાનગરપાલિકા શહેરમાં ઢોર રાખવા અંગે, રખડતા ઢોરના ત્રાસને નિયંત્રણમાં રાખવા અંગે જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૭ની વિવિધ કલમો અંતર્ગત વિવિધ કામગીરી કરવામાં આવે છે, જે અંતર્ગત "સી.એન.સી.ડી" વિભાગ કાર્યરત કરી પશુઓની નોંધણી, જાહેરમાં પાસ વેચાણ પ્રવૃત્તિ બંધ કરવી, રખડતા ઢોરને પકડી ઢોર ડબ્બે પુરવા, ઢોર ડબ્બાની જાળવણી, વિરોધ કરતા- ઢોરોને રોડ ઉપર રખડતા મૂકતા માલિક સામે પોલીસ ફરીયાદ વિગેરે કામગીરી વિભાગ દ્વારા કરવામાં આવે છે.

ઉપરોક્ત સઘળી કામગીરી તેમજ શહેરીજનોની સુરક્ષા સુદ્રઢ કરી શકાય તે માટે તથા કામગીરીનું ચુસ્ત અમલીકરણ કરી શકાય તે માટે ઢોર ત્રાસ અંકુશ અને તેના નિયમન સર્વે આયામોને સમાવેશ કરતી પોલીસી બનાવવાની અત્યંત જરૂરિયાત ઉભી થયેલ છે. નવસારી મહાનગરપાલિકાનાં શહેરી વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવવા અને નિયંત્રણ અંગે પોલીસી - ૨૦૨૫નો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવેલ છે. જે મુજબ નવસારી શહેરમાં પશુ ત્રાસ અટકાવવા અને નિયંત્રણ પોલીસી-૨૦૨૫ અંગે સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાનુ ઠરાવવમાં આવેલ છે. જેની અમલવારી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(નોંધ પર માન.કમિશ્નરશ્રીની મળેલ મંજુરી અને વહીવટદારશ્રીના ઠરાવ અનુંસાર)

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
નવસારી મહાનગરપાલિકા

નકલ રવાના:- (૧) વહિવટી અધિકારીશ્રી - વહીવટી શાખા,
(૨) વેટરનીટી ઓફીસરશ્રી, રખડતાં ઢોર નિયત્રંણ વિભાગ,
૨/- જાણ તથા અને અમલવારી સારું.

# નવસારી મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન, દુધિયા તળાવ, નવસારી – ૩૯૬ ૪૪૫

ફોન : ૦૨૬૩૭ ૨૫૦૨૫૩ ઈ-મેઇલ : mc-nmc@gujarat.gov.in

ન.મ.ન.પા.જા.નં.: /૧૯૮૮ /૨૦૨૫-૨૬ તા. ૧૫/૧૦/૨૦૨૫

પ્રતિ,
મ્યુ.સેક્રટરીશ્રી,
નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન.

વિષય :-- નવસારી શહેરમાં પશુ ત્રાસ અટકાવવા અને નિયંત્રણ જી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૭ ની કલમો અંતર્ગત પોલીસી – ૨૦૨૫ બનાવવા કામ મંજુર કરવા બાબત.

શહેરમાં ઢોર રાખવા અંગે, રખડતા ઢોરના ત્રાસને નિયંત્રણમાં રાખવા અંગે જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૭ ની વિવિધ કલમો અંતર્ગત વિવિધ કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત "સી.એન.સી.ડી" વિભાગ કાર્યરત કરી પશુઓની નોંધણી, જાહેરમાં ઘાસ વેચાણ પ્રવૃત્તિ બંધ કરવી, રખડતા ઢોરને પકડી ઢોર ડબ્બે પુરવા, ઢોર ડબ્બાની જાળવણી, વિરોધ કરતા- ઢોરોને રોડ ઉપર રખડતા મૂકતા માલિક સામે પોલીસ ફરીયાદ વિગેરે કામગીરી વિભાગ દ્વારા કરવામાં આવે છે.

ઉપરોક્ત સઘળી કામગીરી કરવા સારું તેમજ શહેરીજનોની સુરક્ષા સુદ્રઢ કરી શકાય તે માટે તથા કામગીરીનું ચુસ્ત અમલીકરણ કરી શકાય તે માટે ઢોર ત્રાસ અંકુશ અને તેના નિયમન સર્વ આયામોને સમાવેશ કરતી પોલીસી બનાવવાની અત્યંત જરૂરિયાત ઉભી થયેલ છે. નવસારી મહાનગરપાલિકાનાં શહેરી વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવવા અને નિયંત્રણ અંગે પોલીસી – ૨૦૨૫નો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવેલ છે. જે મુજબ નવસારી શહેરમાં પશુ ત્રાસ અટકાવવા અને નિયંત્રણ અંગે પોલીસી-૨૦૨૫ બનાવવા બાબતે જરૂરી ઠરાવ કરાવશો.

દેવ ચૌધરી (I.A.S.)
મ્યુ.કમિશ્નર
નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન

# નવસારી શહેરમાં પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગે પોલીસી – ૨૦૨૫

**સી.એન.સી.ડી વિભાગ દ્વારા થતી કામગીરી :-**

શહેરમાં ઢોર રાખવા અંગે, રખડતા ઢોરના ત્રાસને નિયંત્રણમાં રાખવા અંગે નવસારી મ્યુનિસિપલ કોર્પોરશન દ્વારા જીપીએમસી એક્ટ ૧૯૪૭ ની વિવિધ કલમો અંતર્ગત વિવિધ કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત "સી.એન.સી.ડી" વિભાગ કાર્યરત કરી પશુઓની નોંધણી, જાહેરમાં ઘાસ વેચાણ પ્રવૃત્તિ બંધ કરવી, રખડતા ઢોરને પકડી ઢોર ડબ્બે પુરવા, ઢોર ડબ્બાની જાળવણી, વિરોધ કરતા- રોડ ઉપર રખડતા મૂક્તા પણ માલિક સામે પોલીસ ફરીયાદ વિગેરે કામગીરી વિભાગ દ્વારા કરવામાં આવે છે.

ઉપરોક્ત સઘળી કામગીરી કરવા સારું તેમજ શહેરીજનોની સુરક્ષા સુદ્રઢ કરી શકાય તે માટે તથા કામગીરીનું ચુસ્ત અમલીકરણ કરી શકાય તે માટે ઢોર ત્રાસ અંકુશ અને તેના નિયમન સર્વ આયામોને સમાવેશ કરતી પોલીસી બનાવવાની અત્યંત જરૂરિયાત ઉભી થયેલ છે.

**ઢોર ત્રાસ અંકુશ માટેની હાલની કામગીરીના મુખ્ય મુદ્દાઓ :-**

1. લાયસન્સ અને પરમીટની કામગીરી.
2. RFID ચીપ અને ટેગ પશુને લગાવવાની કામગીરી. (પશુદીઠ રૂા.૨૦૦/- ના ચાર્જ લઈને)
3. પશુની RFID ચીપ તથા ટેગ નંબર દ્વારા પશુ માલિકની ઓળખ કરી તેની સામે પશુ રખડતુ મૂકવા બદલ વિવિધ જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી.
4. રખડતા ઢોર સી.એન.સી.ડી. વિભાગની ટીમ દ્વારા પકડી ઢોર ડબ્બા ખાતે મોકલવાની કામગીરી.
5. સમાધાન શુલ્ક/દંડ વસૂલ કરી ઢોરને મુક્ત કરવાની કામગીરી.
6. ઢોરના માલિકોને સમયાંતરે સમજણ આપી ઢોર રોડ ઉપર ન આવે તે અંગે IEC એક્ટીવિટી કરવી.
7. ઢોર પકડવાની કામગીરીમાં અડચણરૂપ બનનાર શખ્સ સામે, ઢોર પાર્ટી પર હુમલો કરનાર શખ્સ સામે જાહેરનામા ભંગની ફરીયાદ કરી કાર્યવાહી.
8. પકડાયેલા ઢોરને જો કોઈ વ્યક્તિ પશુ માલિક છોડાવી ન જાય તો તેને પાંજરાપોળ હસ્તક સોંપવાની કામગીરી. ઢોર દીઠ વખતો વખત કમિશનરશ્રી ધ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ ખાધા ખોરાકી ચાર્જ સાથે જીવદયા મંડળી તથા અન્ય સંસ્થાને સોંપવાની કામગીરી.
9. ઢોરવાડામાં રહેલ ઢોરોને જાળવવાની, ખોરાક પુરી પાડવાની, મેડીકલ ચેક-અપની કામગીરી.

**સુચિત નવી પોલીસીના મુખ્ય મુદ્દાઓઃ-**

શહેરમાં જાહેર રોડ, રસ્તા, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર રખડતા ઢોર કોઈ સંજોગોમાં જોવા ન મળે તે અંગે તમામ ઘટતી કાર્યવાહી સુચિત પોલીસી અંતર્ગત કરવાની રહેશે. તથા લાયસન્સ તથા પરવાના ધારક પશુ માલિકો પરમીટ- લાયસન્સની તમામ શરતો- જરૂરીયાતોનું પાલન કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**A) પરમીટ તથા લાયસન્સ: -**

1. પરમીટ:-

- જે પશુ માલિક વ્યક્તિગત રીતે પોતાના ઉપયોગ માટે ઘરે પશુ રાખે તેણે નવસારી મ્યુનિસિપલ કોર્પોરશનમાંથી પશુ રાખવા અંગેની પરમીટ લેવાની રહેશે. (બી.પી.એમ.સી એક્ટ ૧૯૪૯ ચેપ્ટર-૧૪ રૂલ્સ-૨૨) તથા તે પરમીટ નિયત સમયે નક્કી થયા મુજબનો ચાર્જ ભરી રીન્યુ કરાવવાની રહેશે. તથા પરમીટમાં દર્શાવેલ સંખ્યાથી વધુ ઢોર હશે તો દંડનીય/ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. (બી.પી.એમ.સી એક્ટ ચેપ્ટર ૧૪, રૂલ્સ:-૨૩)

2. લાયસન્સ:-

- જે પશુ માલિકો પશુઓ રાખી પશુના દૂધના વેચાણમાં અથવા પશુનો અન્ય રીતે વ્યવસાયિક ઉપયોગ કરતા હશે તેઓએ નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી પશુ રાખવા અંગે લાયસન્સ લેવાનું રહેશે. તથા લાયસન્સ નિયત સમયે નક્કી થાય તે મુજબનો ચાર્જ ભરી રીન્યુ કરાવવાનું રહેશે. તથા લાયસન્સમાં દર્શાવેલ સંખ્યાથી વધુ ઢોર હશે તો દંડનીય/શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. (બી.પી.એમ.સી એક્ટ ચેપ્ટર-૧૪ રૂલ્સ-૨૩, બી.પી.એમ.સી એક્ટ ૧૯૪૯ કલમ ૩૭૬, ૩૭૬(૧))
- પરમીટ-લાયસન્સ નો સમયગાળો પોલીસી અમલમાં આવેથી ત્રણ વર્ષ માટેનો રહેશે.

- ત્રણ વર્ષ માટેની લાયસન્સ ફી ની રકમ રૂા. ૫૦૦/- તથા પરમીટ ફી ની રકમ રૂા.૨૫૦/- ભરવાની રહેશે. ત્રણ વર્ષની મુદ્દત પુર્ણ થવાની હોય તેના એક માસ પહેલા અરજી કરી રીન્યુઅલ ફી (લાયસન્સ માટે રૂા.૫૦૦/- તથા પરમીટ માટે રૂા.૨૫૦/-) ભરી લાયસન્સ- પરમીટ રીન્યુ કરાવવાની રહેશે. જેનો સમયગાળો પણ ત્રણ વર્ષનો રહેશે.
- જો મુદ્દત પૂર્ણ થયા બાદ રીન્યુઅલ ફી ભરે તો રૂા. ૧૦૦/- પ્રતિ માસ લેટ ફી તરીકે ભરવાના રહેશે.
- દરેક પશુપાલકે પશુ દીઠ રૂા.૨૦૦/- રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે.

દર વર્ષે પરવાનો આપનાર અધિકારીએ વાર્ષિક ઈન્સપેકશન કરી મોનીટરીંગની કામગીરી કરવાની રહેશે.
(બી.પી.એમ.સી. એક્ટ કલમ-૩૮૭(૨) (G,H))
ઈન્સપેક્શન દરમ્યાન કોઈપણ પ્રકારનો નિયમ ભંગ જણાશે તો પરવાના- લાયસન્સ ધારક વિરૂધ્ધ નિયમ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. (બી.પી.એમ.સી એક્ટ કલમ ૩૮૬(૩) મુજબ ૩૭૮(૧) ની જોગવાઈ ને આધીન)

પાંજરાપોળ/ ગૌશાળા જેવી માન્ય સંસ્થાઓ જે પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ અથવા આ પ્રકારના કાયદા હેઠળ સરકાર માન્ય સંસ્થા દ્વારા માન્યતા પ્રાપ્ત હોય તેમણે લાયસન્સ/ પરમીટ મેળવવાની રહેશે. આવી સંસ્થાઓએ લાયસન્સ ફી/ રીન્યુઅલ ફી પરમીટ ફી માંથી મુક્તિ મેળવવા માટે અરજી કરી પુરાવા રજુ કર્યેથી સી.એન.સી.ડી. વિભાગ દ્વારા મ્યુનિ. કમિશનરની મંજૂરી મેળવી ફી માંથી મુકિત આપવાની રહેશે.

**B) RFID ચીપ અને ટેગ :-**

1. જગ્યા ધરાવતા પશુ માલિકો માટે:-
   કોઈપણ પશુ શહેરની હદમાં લાવતા પૂર્વે મ્યુનિ.કમિશનરશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. (બી.પી.એમ.સી એક્ટ ૧૯૪૯ ચેપ્ટર-૧૪ રૂલ્સ- ૨૨)
   જો કોઈ પશુપાલક શહેરની બહારથી નવા ઢોર લાવે તો તેમણે એક માસમાં પશુ નોંધણી કરાવી, RFID ચીપ અને ટેગ લગાડવાની તેમજ પરમીટ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
   પશુઓને ઓળખી શકાય તે માટે શહેરમાં રહેલ દરેક પશુને RFID ચીપ અને ટેગ લગાડવાનું રહેશે. (બી.પી.એમ.સી એક્ટ ૧૯૪૯ ચેપ્ટર-૧૪ રૂલ્સ- ૨૨(૪))

   - હાલમાં શહેરમાં રહેલા પશુઓ પૈકી જેને RFID ચીપ અને ટેગ લગાડવાનું બાકી છે. તેવા પશુઓને RFID ચીપ અને ટેગ લગાડવાની કામગીરી મહત્તમ ૬ માસમાં પશુ માલિક દ્વારા પશુ દીઠ રૂા.૨૦૦/- આપી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ બીજા ૨ માસ દરમ્યાન રૂા.૧૦૦૦/- પશુદીઠ ચાર્જ વસૂલ કરવામાં આવશે. પોલીસી અમલમાં મુકયા તારીખથી કુલ ૬ માસ પછી જો કોઇપણ પશુને RFID ચીપ અને ટેગ લગાડવાનો બાકી હશે તો તેને પકડી ઢોર ડબ્બે પૂરવામાં આવશે અને તેને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહી. તથા આ પશુઓને શહેરની બહાર મોકલી દેવામાં આવશે. દરમ્યાન તેના માલિકની ઓળખ થશે તો માલિક વિરૂદ્ધ બી.પી.એમ.સી. એક્ટ તથા આઈ.પી.સીની વિવિધ કલમ હેઠળ કાર્યવાહી કરવાની રહેશે.

2. જગ્યા ન ધરાવતા પશુ માલિકો માટે :-

   - હંગામી નોંધાયેલ પશુ માલિકોએ નિયત સમય (વધુમાં વધુ ૨ માસમાં) સ્વ ખર્ચે પશુને શહેરી હદથી દુર અન્યત્ર ખસેડી લેવાના રહેશે.
     RFID ચીપ અને ટેગ ના કારણે પશુ માલિકની ઓળખ કરી નિયમના ઉલ્લંઘન માટે તેની સામે કાર્યવાહી કરવામાં આવતી હોઈ ઘણા પશુ માલિક દ્વારા RFID ચીપ અને ટેગ તોડી પાડવામાં આવે કે અકસ્માતે તૂટી જાય તેવા કિસ્સામાં રૂા. ૫૦૦/- નો ચાર્જ વસૂલ કરી RFID ચીપ અને ટેગ લગાડવાની રહેશે.

**C) લોકલ પોલીસ સ્ટેશનના સ્ટાફનો ટીમમાં સમાવેશ :-**

- નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન ને જરૂર જણાય ત્યારે લોકલ પોલીસની મદદ લઇ શકશે.

**D) ઢોર પકડવાની કે તેના ત્રાસને અંકુશમાં રાખવાની કામગીરીમાં ખલેલ પહોંચાડનાર ઈસમો વિરૂધ્ધ સખત પગલા લેવા:-**

- ક્ષેત્રિય કામગીરી દરમ્યાન ઢોર પકડવાની કામગીરીમાં પશુ માલિકો કે અન્ય લોકો વિક્ષેપ કરે અથવા તેઓ નવસારી મ્યુનિ. કોર્પોરેશનની ટીમની આગળ બાઈક લઈ ફરે અને પશુઓને રોડ પરથી ભગાડી દે છે. અને નવસારી.મ્યુનિ. કોર્પોરેશનની કામગીરીમાં વિક્ષેપ ઉભો કરે છે. વળી તેઓ રોડ ઉપરથી પશુઓને પકડતા અટકાવવા પશુને ગમે તેમ દોડાવે છે. જેના કારણે વાહન ચલાવનાર શહેરીજનો માટે અકસ્માત નું મોટુ જોખમ ઉભું થાય છે. જેના નિરાકરણ માટે

  (૧) બાઈકર્સ ગેંગ સામે પોલીસ સ્ટાક દ્વારા સંબધીત કલમો અંતર્ગત પોલીસ કેસ દાખલ કરી કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે.

**E) ઘાસ વેચાણ માટે લાયસન્સ:-**

- નવસારી શહેરમાં કોઈપણ વ્યક્તિએ/સંસ્થાએ ઘાસ વેચાણ માટે પ્રવર્તમાન કાયદા / નિયમો અંતર્ગત લાયસન્સ / પરવાનગી મેળવવાનું રહેશે તથા ઘાસ ક્યાંથી લાવ્યા, કોને વેચ્યું તે તમામ બાબતોને લગત રજીસ્ટર / રેકર્ડ નીભાવવાના રહેશે.
- ઘાસ વેચાણ પોતાની માલિકીની જગ્યામાં જ કરી શકાશે. તેમજ ભાડેથી ઘાસ વેચાણ અર્થે લીધેલ જગ્યાના જરૂરી આધાર પુરાવા અને જમીન માલિકની સંમતિ રજુ કરવાની રહેશે.
- બિનપરવાનગી ઘાસ વેચાણ માટે સફાઈ વહીવટી ચાર્જ રૂ|. ૧૦૦૦/- પ્રતિ દિવસ કોર્પોરેશન ધ્વારા વસૂલવામાં આવશે.

**F) પશુઓને પકડવાની કામગીરી :-**

- જે પણ પશુ માલિકો ધ્વારા પશુઓ ઉપર ટેગ નિયત સમય મર્યાદામાં લગાડવાની પ્રક્રિયા નહી કરેલ હોય તેમના ઢોર જપ્ત કરવાની કાર્યવાહી કરવાની રહેશે તથા દંડની કાર્યવાહી કરવાની રહેશે.
- જો પશુ રોડ, ફુટપાથ કે જાહેર સ્થળ પર રખડતા જોવા મળે તો તેમને પકડવાની કામગીરી કરવાની રહેશે.

**G) પશુ માલિકની જવાબદારી તથા તેમની સામે કાર્યવાહી:-**

- રખડતા પશુને કારણે નાગરીકોને ગંભીર ઈજા, નુકશાન થાય તો બી.પી.એમ.સી. એકટની કલમો, પોલીસ કમિશનરના જાહેરનામા ભંગ હેઠળ તેમજ અન્ય લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અનુસાર પોલીસ ધ્વારા ફરીયાદ કરવાની રહેશે.
- રખડતા પશુ અંગેની તમામ જવાબદારી પશુ માલિકની જ રહેશે.
- રખડતા પશુને કારણે નાગરીક / રાહદારીને જાન-માલનુ નુકશાન થાય તો તે અંગે સિવિલ/ ફોજદારી રાહે માલિક સામે પગલા લઈ તેની પાસેથી વળતર/ વસૂલાત/ નુકસાની દાવા જેવી કાર્યવાહી કરી શકાશે.

**H) પકડાયેલા ઢોર છોડવા અંગેની કાર્ય પદ્ધતિ.:-**

- નિયત સમય મર્યાદામાં નોંધણી નહિ કરાયેલ પશુઓને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહિ.
- પ્રથમ વખત RFID ચીપ અને ટેગ લગાડેલ પશુ હોય પણ કોઇ કારણોસર ટેગ તૂટી ગયેલ હોય / તોડી નાખેલ હોય તો રૂા. ૫૦૦/- નો ચાર્જ લઈ ફરીથી ટેગ લગાડી દંડ, ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ વસૂલ કરી છોડવામાં આવશે.
- પકડાયેલા પશુ છોડાવવાનો દંડ/ચાર્જનો દરઃ-

| અ.ન | ઢોરની વિગત | દંડ (રૂપીયામાં) | ખોરાકી ચાર્જ રૂપિયામાં (એક દિવસના ) | વહીવટી ચાર્જ રૂપિયામાં (એક દિવસના) |
|---|---|---|---|---|
| ૧ | હાથી | ૧૦૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | ઊંટ | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૩ | ગાય,ભેસ,બળદ | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ઘોડા | ૩૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૫ | ઘેટા/બકરા | ૧૦૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૬ | ગધેડા | ૧૦૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૭ | પાડા/પાડી | ૨૦૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૮ | ધાવતા વાછડા/ ધાવતી વાછડી તથા ધાવતા પાડા/ પાડી | ૧૦૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૯ | ડુક્કર(ભૂંડ) | ૧૦૦૦ | ૨૦૦ | ૨૦૦ |

- જો ઢોર પ્રથમ વખત પકડાય તો ઉપર દર્શાવ્યા મુજબ દંડ, ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ પકડાયેલ ઢોરને છોડવા માટે વસૂલ કરવાનો રહેશે.
- જો ઢોર બીજી વખત પકડાય તો દંડ દોઢ ગણો (૧.૫ ગણો) કરવાનો રહેશે. ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ ઉપર દશવિલ પત્રક મુજબ લેવાનો રહેશે.
- જો ઢોર ત્રીજી વખત પકડાય તો દંડ બે ગણો (૨ ગણો) કરવાનો રહેશે. ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ ઉપર દશવિલ પત્રક મુજબ લેવાનો રહેશે.
- જો ત્રણ વખત કરતા વધુ વખત ઢોર પકડાશે કે ત્રણ કે તેથી વધુ વખત એક જ માલિકના જુદા જુદા ઢોર પકડાશે તો પશુ કાયમી ધોરણે જપ્ત કરવામાં આવશે. અને ઢોર પરત આપવામાં આવશે નહિ. તથા પશુ માલિકનુ લાયસન્સ/પરમીટ CNCD વિભાગના અધિકારી ધ્વારા રદ કરવામાં આવશે ત્યારબાદ તે વ્યક્તિ પશુ રાખી શકશે નહિ.
- પશુમાલીકનું લાયસન્સ રદ્ કર્યા બાદ કોઈ રજૂઆત કરવાની થતી હોય તો દિન-૧૦ માં નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ કરવાની રહેશે તેમજ લાયસન્સ રદ્ કરવા બાબતેનો તેમનો નિર્ણય અંતિમ રહેશે.
- મહાનગરપાલિકા વિસ્તાર તેમજ બહારના વિસ્તારના પશુમાલિકનું પશુ મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર માર્ગો પર રખડતું પકડાશે તો ઉપરોક્ત દર્શાવ્યા મુજબનો દંડ વસૂલવામાં આવશે.
- ઉપરોક્ત દંડ- ચાર્જના દરમાં વખતો વખત સમીક્ષા કરી મ્યુનિ.કમિશનરશ્રી દર વધારી શકશે.

**I) પશુ રાખવાની જગ્યાના દબાણો દુર કરવા - રોડ ફુટપાથ પર પશુ રાખવામાં આવતા હોય ત્યાંના દબાણો દુર કરવા :-**

- નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશનો મુજબ રાજ્ય સરકારશ્રી દવારા પશુઓ રાખવા માટે ભૂતકાળમાં ફાળવવામાં આવેલ પ્લોટ જગ્યા ઉપર જો ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તો તેને દુર કરવા ધોરણસરની પ્રક્રિયા હાથ ધરી કાર્યવાહી કરવાની રહેશે. જેથી પશુ તેઓને ફળવાયેલ જગ્યામાં રહી શકે. અને પશુઓ રોડ પર આવતા અટકી જાય. સાર્વજનિક રસ્તામાં પશુને કોઈપણ સંજોગોમાં બાંધી/મૂકી શકાશે નહિ. (બી.પી.એમ.સી. એક્ટ કલમ-૨૩૩)
- રોડ ઉપર - ફુટપાથ ઉપર જે પણ હંગામી પ્રકારના શેડ બાંધકામ કરી પશુઓને રાખવામાં આવતા હોય તો તાત્કાલીક તે પ્રકારના દબાણ દુર કરવાની કામગીરી કરવાની રહેશે.
- જો કોઈ નવા હંગામી શેડ કરી પશુઓને રાખવામાં આવે તો તે દુર કરવા અંગેનો રૂ|. ૫૦૦૦/- વહીવટી ચાર્જ કોર્પોરેશન વસૂલ કરશે.

**J) પશુઓને કારણે રોડ ઉપર ગંદકી થાય તો દંડ કરવા બાબત.:-**

- ઘણી જગ્યાએ પશુ પાલકો રોડ ઉપર - ફૂટપાથ ઉપર છાણા થાપીને ગંદકી કરતા હોય છે આવા કિસ્સાઓમાં જાહેર સ્વાસ્થ્ય ને ધ્યાને લઈ પબ્લીક હેલ્થ બાયલોઝ- ૨૦૧૨ તથા બી.પી.એમ.સી. એક્ટ મુજબ વહીવટી ચાર્જ/દંડની કામગીરી કરવાની રહેશે જે કિસ્સામાં વારંવાર ગંદકી થતી હોય તેવા કિસ્સામાં રૂ|.૧૦૦૦/- પ્રતિદિન વહીવટી ચાર્જ વસૂલ કરવાનો રહેશે.

**K) નો કેટલ ઝોનની અમલવારી:-**

- ઢોરના વસવાટના સ્થળોની નોંધણીના આધારે નકશા ઉપર મેપીંગ સી.એન.સી.ડી. વિભાગે કરવાનું રહેશે.
- ઢોરની જે તે સ્થળની સંખ્યા તથા શહેરના જે તે રોડ, વિસ્તારની અગત્યતાને ધ્યાને લઈ સી.એન.સી.ડી. વિભાગ ધ્વારા એક કમિટી બનાવી સમયાંતરે શહેરના જુદા જુદા સ્થળ/રોડ માટે નો કેટલ ઝોન તરીકે નક્કી કરવાની કામગીરી પોલીસ વિભાગના સંકલનમાં રહી કરવાની થશે. જે અંગે જરૂરી જાહેરનામું પોલીસ વિભાગ ધ્વારા પ્રસિદ્ધ કરવાનું રહેશે.

**L) જપ્ત કરેલ ઢોર તથા પશુ માલિકો દ્વારા નહિ છોડાવાયેલા ઢોર અંગેની કાર્યપધ્ધતિઃ-**

- સી.એન.સી.ડી. વિભાગ દ્વારા દૈનિક પકડવામાં આવેલ પશુઓ પૈકી થોડા જ પશુઓને પશુ માલિકો ધ્વારા દંડ/ચાર્જભરી છોડવામાં આવે છે જયારે બહોળી સંખ્યામાં ઢોર કોઈ છોડાવતું ન હોય તેઓ ઢોર ડબ્બે રાખવામાં આવતા હોય છે. જે અંતર્ગત નીચે જણાવેલ મુદ્દા અંગે કામગીરી કરવાની રહેશે.

(૧) દુધાળા પશુઓને હરાજી મારફતે નવસારી શહેરની બહાર મોકલવા.

(૨) જરૂરીયાતમંદ ખેડુતને વાછરડા / બળદ આપવા.

(૩) જે પશુઓને પાંજરાપોળ લઈ જવા તૈયાર હોય ત્યાં મોકલવા.

(૪) બાકી રહેલ પશુઓને ઢોર ડબ્બા ખાતે રખ રખાવ કરવા.

(૧) દુધાળા પશુઓને હરાજી (Auction) મારફતે નવસારી શહેરની બહાર મોકલવા. :-

- હરાજી થી ઢોર આપવા અંગેની જોગવાઈ નવસારી મહાનગરપાલિકાએ સક્ષમ સત્તાની મંજુરી મેળવી કરવાની રહેશે.
- દુધાળા, ખેતીલાયક કે અન્ય રીતે ઉપયોગી પશુઓને શહેર બહારના ગામડાના લાભાર્થીને જાહેર હરાજીથી આપવાના રહેશે. જાહેર હરાજી અંગે બેઝ પ્રાઇઝ નક્કી કરવા એક કમિટીની રચના કરવાની રહેશે. જેમાં વેટરનરી ડોક્ટર, સેનીટરી સ્ટાફ તથા પશુપાલન વિભાગ/ ગૌચર વિભાગ અને અન્ય જે મ્યુનિ. કમિશનર સૂચવે તેવા બે સભ્યોની કમિટી બનાવવાની રહેશે, તેઓ બેઝ પ્રાઈઝ નક્કી કરવાના માપદંડ, હરાજી માટેની પારદર્શક પધ્ધતિ નક્કી કરી મ્યુનિ કમિશનરશ્રીની મંજુરી મેળવી તે મુજબ કામગીરી કરશે. આ અંગેની વ્યવસ્થા- કો-ઓર્ડિનેશન સી.એન.સી. ડી. વિભાગ દ્વારા કરવાનું રહેશે.

(૨) જરૂરીયાત મંદ ખેડૂતોને વાછરડા/ બળદ આપવા. (વિના મૂલ્યે/નિશ્ચિત મૂલ્યથી)

<u>વિના મૂલ્યેઃ-</u>

નવસારી શહેરની હદથી ૫૦ કિ. મી દુરના ખાતેદારોને કે જે જમીન ધારણ કરતા હોય, ૭-૧૨, ૮-અ માં નામ હોય તેવા કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન વિભાગ, ગૌ સેવા-ગૌચર વિભાગ વિગેરે સહકારી વિભાગ/ બોર્ડના પરિપત્ર મુજબ માન્ય અમલીકરણ એજન્સીઓને/ એજન્સી મારફતે જરૂરીયાતમંદ ખેડુતોને વાછરડા/બળદ વિગેરે પશુઓ તેઓના સ્વ ખર્ચે પરિવહન કરી સોંપવાની નવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

<u>નિશ્ચિત મૂલ્યથી:-</u>

રાજ્ય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન વિભાગ, ગૌ સેવા - ગૌચર વિભાગ વિગેરે વિભાગો દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ સંસ્થાને કેટલ પોન્ડમાંથી આવા પશુઓ લઈ જવાની, તેઓ કહે તે ખેડૂતોને નિયત ચાર્જથી પશુઓ સોંપવાની નવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

જે અંગેનો નિર્ણય હરાજી માટે (મુદ્દા નં. ૧) ઉપર સૂચવ્યા મુજબ બનાવેલ કમિટી દ્વારા કરવાનો રહેશે.

(૩)પશુઓને પાંજરાપોળ જેવી સંસ્થામાં મોકલવા.

- જે પશુઓને પશુ માલિકો છોડાવી ન જાય તે પશુઓને પાંજરાપોળ ખાતે મોકલવાના રહેશે. જે અંગેનો ખર્ચ મહાનગરપાલિકા એ સક્ષમ સત્તાની મંજુરી મેળવીને કરવાનો રહેશે.જે ઢોરને હરાજી થી આપી શકાય તેવા ઢોરને હરાજીથી આપ્યા બાદ જ બાકી રહેતા ઢોર પાંજરાપોળ જેવી સંસ્થામાં આપવાના રહેશે.

**M) અન્ય મુદ્દાઓ:-**

- પશુ માલિક દ્વારા તેના પશુમાં RFID ચીપ અને ટેગ લગાડેલ છે કે કેમ તે અંગે પશુ વાડામાં જઈ સ્કેનર રીડર મશીનથી ઢોર પકડતી ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવશે.
- નવા જન્મનાર તથા મૃત્યુ પામનાર પશુની વિગતો પશુ માલિક દ્વારા નવસારી.મ્યુનિ. કોર્પોરેશનને આપવાની રહેશે. જેથી રીયલ ટાઈમ ડેટા મળી શકશે. આ અંગે જરૂરી રેકર્ડ કીપીંગ તથા અન્ય આનુષાંગિક કામગીરી સી.એન.સી.ડી વિભાગે કરવાની રહેશે.
- ઉપરોક્ત સઘળી કામગીરી નીચે દશવિલ વિવિધ કાયદાઓ/ જોગવાઈઓ હેઠળ કરવાની રહેશે.

હાલમાં કરવામાં આવતી કાર્યવાહીના વિવિધ કાયદાઓ/ જોગવાઈઓ:-

(૧) ગુજરાત પોલીસ એક્ટ, ૧૯૫૧

કલમ-૮૯ - રખડતા ઢોર પોલીસ તાબે લઈ શકે તે અંગે
કલમ ૯૦ - ઢોર ડબ્બા તથા રખેવાળની નિમાણુક અંગે
કલમ:૯૧ - ઢોરને ડબ્બામાં પુરવા અંગે
કલમ:૯૨ - પરત માંગેલ ઢોર આપવા અંગે
કલમ:૯૩-ધણી વગરના ઢોર વેચાણ અંગે
કલમ ૯૪ - જાહેરનામાં દંડના દર નક્કી કરવા અંગે
કલમઃ-૧૦૦-જાનવરથી અડચણ કે હરકત થવા અંગે

(૨) ઢોર અપ પ્રવેશ અધિનિયમ, ૧૮૩૧

કલમ ૧૧ - જાહેર રસ્તા, નહેરો અને બંધ પાળાને નુકશાન પહોંચાડનારા ઢોર બાબતની કાર્યવાહી
કલમ ૨૫ -ઢોરોની પાસે અપ પ્રવેશ કરાવીને કરેલા બગાડ માટેના દંડની વસૂલાત અંગે

આ સિવાય અન્ય લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અનુસાર જાહેર રોડ/ રસ્તા ઉપર રખડતા ઢોરના માલિકો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની રહેશે.

(૩) ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિ. કોર્પોરેશન એક્ટ- ૧૯૪૯

કલમ ૨૨-પશુઓ રાખવા સંબધી પ્રતિબંધો
 મ્યુનિ.કમિશનરશ્રીની લેખિત પરવાનગી સિવાય શહેરમાં કોઈપણ જગ્યાએ જાનવરો રાખવા પર પ્રતિબંધની જોગવાઈઓ
કલમ:૨૩ - જેટલી સંખ્યામાં પશુઓ રાખવાની છૂટ આપેલી હોય તેના કરતા વધારે સંખ્યામાં પશુઓ બાંધવાનો પ્રતિબંધ
કલમ-૨૪ - રહેવાના ઘરમાં પશુઓ બાંધવાનો પ્રતિબંધ
કલમ-૨૩૩- સાર્વજનીક રસ્તામાં પશુને બાંધવાનો પ્રતિબંધ
કલમ-૩૩૫ - શહેરની અંદર પરવાનગી વગર ઢોર વગેરે ની આયાત કરવાનો પ્રતિબંધ

(૪) અન્ય જોગવાઈઓ:-

ધી પ્રિવેન્શન ઓફ ક્રુઆલ્ટી ટુ એનીમલ એકટ, ૧૯૯૦, પબ્લીક હેલ્થ બાયલોઝ-૨૦૧૨ રાજ્ય સરકારની સુચના-પરિપત્રો, રીડ સેફ્ટી કમિટી ભલામણો.

જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૩૭૬માં થયેલ જોગવાઈઓ, લાયસન્સ પરમીટ મેળવવા માટેની શરતો તથા નિયત અરજી પત્રક જેવા પરિશિષ્ટ આ સાથે સામેલ છે.

- ➢ શ્રી જીપીએમસી એક્ટ ૧૯૪૯ ના શીડયુલ ચેપ્ટર- ૧૪ રૂલ્સ ૨૨ મુજબ કોઈપણ પશુ માલિકે શહેરમાં પશુ રાખવા માટે પરમીટ મેળવવી ફરજીયાત રહેશે. પરમીટ મેળવ્યા સિવાય તે શહેરમાં પશુ રાખી શકશે નહિ.
- ➢ શ્રી જીપીએમસી એક્ટ ૧૯૪૯ ની કલમ ૩૭૬ મુજબ પશુ રાખવાનો, વેચવાનો, દુધ વેચવાનો કે અન્ય હેતુસર, વિગેરે વ્યવસાય અથવા પ્રવૃત્તિ શહેરમાં લાયસન્સ મેળવીને કરવાની રહેશે તે સિવાય આવી પ્રવૃતિ કરી શકાશે નહી.
- ➢ પશુ માલિક/પશુ ધારકે જાહેરનામું પ્રસિદ્ધ થયેથી શહેરમાં પશુ રાખવા માટે પરમીટ, લાયસન્સ, દુધાળા પશુ રાખવાનું લાયસન્સ મેળવવાનું રહેશે.

પરિશિષ્ટ ૧ થી ૫ માં આ અંગે વિસ્તૃત નોંધ મુકેલી છે જે ધ્યાને લેવાના રહેશે.

શહેરમાં રખડતા પશુ નિયંત્રણની કામગીરીમાં શહેરમાં રહેતા પશુઓની ફરજીયાત નોંધણી કરાવે, પશુની તથા પશુ માલિકની નોંધણી કરાવી પશુનું ટેગીંગ કરાવે તથા પશુઓ રાખવા માટે જગાની જોગવાઇ થાય તથા લાયસન્સ/ પરમીટ ની વ્યવસ્થા ગોઠવાય, જાહેરમાં ઘાસચારો ન વેચાય તેવી વ્યવસ્થા ગોઠવાય અને પશુ માલિકો પોતાના પશુઓ રખડતા ન મૂકે તે બાબતે વિવિધ જાહેરનામાની ચુસ્ત અમલવારી થાય, નાગરીકોને અડચણ ન થાય તેવી સર્વગ્રાહી વિવિધ દિશામાં સંકલિત કામગીરી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પશુ ત્રાસ નિયંત્રણ પોલીસીની જરૂરીયાત રહે છે. જેના મુદ્દાઓ ઉપર દર્શાવ્યા મુજબ છે.

સદર પોલીસી ની અમલવારી વ્યવસ્થિત રીતે થાય, શહેરીજનોને રખડતા ઢોરથી કોઈ તકલીફ ન થાય તે માટે જરૂરી જાહેરનામાં પ્રસિધ્ધ કરવા તથા તેને આનુષગિક અગત્યની તમામ કાર્યવાહી કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનર, નવસારી ની રહેશે. તથા કાયદાકીય કાર્યક્ષેત્ર નવસારી શહેર રહેશે.

## <u>પરિશિષ્ટ-૧</u>

## <u>શહેરમાં પશુઓ રાખવા લાઈસન્સ/ પરમીટ મેળવવા માટેની શરતો અને બોલીઓની શરતો દર્શાવતુ પત્રક</u>

- શહેરમાં વસતા પશુપાલકોએ ચોપગા પશુઓ રાખવા માટેની પરવાનગી/પરમીટ લેવાની રહેશે.
- આ પરમીટ ચાલુ હોય તે દરમ્યાન જે ઉપયોગ માટે આ જાનવરો રાખવામા આવ્યા હોય તેની હકીકત પરમીટ આપનાર અધિકારી અથવા તેમના તરફથી જવાબદાર વ્યક્તિ જયારે માંગે ત્યારે રજૂ કરવી પડશે.
- જે શખ્સના નામે પરમીટ આપી હોય તે જ શખ્સ જગ્યાનો ઉપયોગ પશુ રાખવા માટે કરી શકશે. ઢોરના માલિકનો અથવા જગ્યાના માલિકની કોઈપણ ફેરબદલી થાય તો તે જગ્યાએ બીજા માલિકને ઢોર રાખવા માટે નવેસરથી પરમીટ મેળવવી પડશે. તથા મ્યુનિ.કોર્પોરેશનને લેખિત જાણ કરવાની રહેશે.
- પરમીટ/ લાયસન્સ વાળી જગ્યા ઉપર દિવસ અથવા રાત્રે જેટલી સંખ્યામાં પશુઓ રાખવાની પરમીટમાં છૂટ આપેલ હોય તેટલા જ પશુઓ રાખી શકાશે. તેના કરતા વધારે સંખ્યામાં પશુઓ રાખી શકાશે નહિ.
- પશુ માલિકો પાસે પરમીટ/ લાયસન્સ હોવા છતા કોઈપણ ઈમારત અથવા તેનો કોઈપણ ભાગ માનવ વસવાટ માટે વપરાતો હોય અથવા વાપરવાનો ઈરાદો હોય તે રહેવાના ઘરમાં પશુઓ રાખી/બાંધી શકાશે નહિ.
- ઘાસ રાખવા માટે ઢોર રાખવાની જગ્યા ઉપરાંત વધારાની અલગ જગ્યા મ્યુનિ. કોર્પોરેશનના પરમીટ/ લાયસન્સ આપનાર અધિકારી સૂચવે તે મુજબની રાખવી પડશે.
- પરમીટ/લાયસન્સ વાળી જગ્યાએ ધોવા માટે તેમજ જાનવરોને માટે પાણીના જથ્થા સંગ્રહની પુરતી વ્યવસ્થા રાખવી પડશે.
- પરમીટ લાયસન્સ ધરાવનારને ઢોરોનો કચરો, છાણ એકત્ર કરવા માટે ઢાંકણ સહિત ઢોર રાખવાની જગ્યાની નજીકમાં રાખવાનું રહેશે. દૈનિક બે વખત સાફ સફાઈ રાખવી પડશે. પરમીટ લાયસન્સ આપનાર અધિકારી સૂચવે તે જગ્યાએ છાણ/ કચરો વિગેરેનો નિકાલ કરવો પડશે. પરમીટ વાળી જગ્યાની ગટરમાં છાણ વહેવડાવી શકાશે નહિ.
- પરમીટ લાયસન્સ ધરાવનાર કોઈપણ માલિકના જાનવરને જાહેર રસ્તા, ફુટપાથ, કોમન અવર-જવરની જગ્યા વિગેરેમાં પરમીટ/ લાયસન્સ વાળી જગ્યા બહાર રાખશે અગર બાંધશે અગર ઢોરોને રખડતા/ ભટકતા રાખશે તો તેની પરમીટ લાયસન્સ રદ કરવામાં આવશે.
- પરમીટ/ લાયસન્સની જગ્યા ઉપર પુરતા પ્રમાણમાં હવા/ ઉજાસ તેમજ સૂર્ય પ્રકાશ પડે તેવી વ્યવસ્થા રાખવી
- પરમીટ/લાયસન્સ ધરાવનાર શખ્સે પરમીટ વાળી જગ્યાએ ઢોર રાખવા માટે ભોંય તળીયાથી છત સુધીની યોગ્ય ઉચાઈની જરૂરી જગ્યા રાખવી પડશે.
- પરમીટ/લાયસન્સ મેળવવા મોટા પશુઓ માટે પશુ દીઠ ઓછામાં ઓછી ૮ x ૩ વર્ગ ફીટ, નાના પશુઓ માટે પશુ દીઠ ઓછામાં ઓછી ૪ x ૩ વર્ગ ફીટ જગ્યા હોવી જોઈશે.
- પરમીટ/લાયસન્સ ધરાવનારનું કોઈપણ જાનવર ચેપી રોગથી પીડીત હશે તો તેની વેટેનરીયન પાસે સારવાર કરાવી તે બાબતની જાણ મ્યુનિ.કોર્પોરેશનના અધિકારીને ૨૪ કલાકમાં આપવી પડશે અને સદરહુ ઢોર આ જગ્યાએથી ખસેડવા માટે તાકીદે પગલા લેવા પડશે. (સેગ્રીગેશન ઓફ સીક એનીમલ ફ્રોમ હેલ્ધી વન્સ)
- પરમીટ લાયસન્સ ધરાવનાર શખ્સ દ્વારા તેમના તાબા હેઠળના રાખવામાં આવેલ પરમીટ મુજબ તમામ ઢોરની ઋતુ(સિઝન) પ્રમાણે પશુઓમાં થતા રોગચાળા હટાવવા માટે પશુ રોગ વિરોધી તમામ રસીકરણ સમયાંતરે કરાવવાનું રહેશે.
- પરમીટ/ લાયસન્સ વાળી જગ્યાનો કોઈપણ ભાગ માનવજાત/ મનુષ્યને સુવા માટે વાપરી શકાશે નહિ. અથવા તેના રહેણાંક તરીકે ઉપયોગ કરવો હીતાવહ નથી.
- પરમીટ/ લાયસન્સ ધરાવનારે પરમીટ વાળી જગ્યા ઉપર લાઈટ, પાણી, ગટર અથવા ગટરના સાધનો ને ચાલુ સ્થિતીમાં રાખવા પડશે.
- પરમીટ/લાયસન્સ વાળી જગ્યાની સીલીંગ તથા દિવાલો પરમીટ આપનાર અધિકારીને જરૂરી જણાય તો વધુ વખત સમગ્ર જગ્યાને ધોવડાવી ડિસઈન્ફેક્શન કરી, રંગરોગાન (ચૂનો) દર વર્ષે કરવાનો રહેશે.
- પૂર, વાવાઝોડું તથા ભૂકંપ જેવી કુદરતી આપદા સમયે પશુઓને સલામત સ્થળે પહોચાડવાની જવાબદારી પશુ માલિકની રહેશે.
- પરમીટ/ લાયસન્સ ધરાવનાર શખ્સ પરમીટ વાળી જગ્યામાં રાખવામાં આવેલ ઢોર તથા જગ્યાની તપાસ કરવા પરમીટ લાયસન્સ આપનાર અધિકારી અથવા તેમના તરફથી સત્તા આપવામાં આવેલ અધિકારીને કે અન્ય સરકારી અધિકારીને તપાસ કરવા દેવા સંપૂર્ણ સહકાર આપશે.

- પરમીટ/ લાયસન્સ ધરાવનાર શખ્સને તેમના તબેલા માટે મેળવેલ પરમીટ અને લાયસન્સને ફ્રેમમાં જડી તપાસ કરનાર અધિકારીને સ્પષ્ટ રીતે દેખાય તે રીતે લટકાવવાનું રહેશે.
- પરમીટ/ લાયસન્સ ધરાવનારે પરમીટ આપનાર અધિકારી સૂચવે તે મુજબ પશુઓ તથા પશુ માલિકની નોંધણી તથા ઢોર માલિકની ઓળખ તથા ઢોરના ઓળખ માટે ઓળખનુ પત્ર આઈડેન્ટીફીકેશન માર્કીંગ/ ઈયર ટેગીંગ, RFID ચીપ વિગેરે તુટફુટ કે નુકશાન ના થાય તે રીતે અને તે કાયમ સારી હાલતમાં જાળવવું પડશે.
- પરમીટ લાયસન્સ ધરાવનાર શખ્સ તેમની ગાયો, ભેંસો વિગેરેને જાહેર રસ્તા, ફુટપાથ/ શેરીઓમાં અવર જવરની કોમન જગ્યામાં ઉભા રાખી/ અથવા બાંધી દુધ દોહી શકશે નહિ. અને જો કોઈ પરમીટ/ લાયસન્સ ધરાવનાર આવુ કૃત્ય કરતા તપાસ અધિકારીના ધ્યાન પર આવશે તો તેના જાનવરો પકડી પાડી ઢોર ડબ્બા ખાતે મોકલાવી પરમીટ/ લાયસન્સ રદ કરી, ઢોર માલિક સામે વિવિધ કાયદાકીય જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે.
- નાના જાનવરોમાં ઘેટાં, બકરા, શ્વાન, ડુક્કર તથા મોટા જાનવરોમાં ગાય, ભેંસ, બળદ, પાડા, પાડી, વાછડા, વાછડી, ઘોડા, ગધેડા, ખચ્ચર, ટટ્ટુ, ઉંટ, હાથી વિગેરેનો સમાવેશ થાય છે.
- નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા તમામ પશુપાલકોના કબજા હેઠળના જાનવરો માટે જાનવર દીઠ રૂ. ૨૦૦/- રજીસ્ટ્રેશન ફી વસૂલ કરી પશુ રાખવા માટેની તેઓની જગ્યાના આધાર/ પુરાવા મુજબ તપાસી જગ્યાની જોગવાઈના આધારે ધારા ધોરણ મુજબ પશુ રાખવાના રહેશે. પશુ માલિક તથા પશુઓની નોંધણી કરાવી RFID તથા વિઝયુઅલ ટેગ દ્વારા જાનવરો માટે નિયત જગ્યાની જોગવાઈનો પ્રમાણમાં પશુઓનું કાયમી રજીસ્ટ્રેશન કરવું તથા તે સિવાયનાં જાનવરોનું કરી RFID તથા વિઝયુઅલ ટેગ દ્વારા કામચલાઉ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- મ્યુનિ.કોર્પોરેશન દ્વારા જાહેર થાય ત્યારથી જે પશુ માલિકો પાસે પશુ રાખવાની જગા નથી તે તમામ પશુ પાલકોને પોતાના આવા કામ ચલાઉ રજીસ્ટ્રેશન વાળા જાનવરો માટે નિયત સમય મર્યાદામાં શહેર હદ વિસ્તારમાંથી દુર/ અન્યત્ર ખસેડી લેવા/ વૈકલ્પિક વ્યવસ્થા કરવા પશુ પાલક/ પશુ માલિકે દિન-૬૦માં સ્વખર્ચે પશુઓને દુર કરી મ્યુનિ.કોર્પોરેશનને જાણ કરવાની રહેશે.
- જો તેઓ દ્વારા આવા પશુઓ દુર કરવામાં નહિ આવે તો સમય મર્યાદા પૂર્ણ થયેથી આવા પશુઓને પકડીને કાયમી ધોરણે જપ્ત કરવામાં આવશે.
- મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ પશુપાલકોના કબ્જા હેઠળના જાનવરોને પોતાની જગ્યામાં નિભાવવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- શહેરમાં પશુ રાખવા સંબધી વિવિધ પ્રકારના તમામ સરકારી ધારા-ધોરણો, કાયદાની જોગવાઈઓ, પોલિસ કમિશનરશ્રીના જાહેરનામા, મ્યુનિસિપલ કમિશનરના હુકમો નું પાલન કરવાનુ રહેશે.
- ઢોરવાડા/ પશુવાડા બાબતે સદર ઢોરવાડા / પશુવાડાની આજુબાજુ વસવાટ કરતા નાગરીકોને કોઈપણ પ્રકારે જોખમ ન્યુસન્સ/ ત્રાસ પેદા થાય  નહિ તેની ખાસ કાળજી રાખવાની રહેશે. સદર ઢોરવાડા/ પશુવાડા થકી કોઈપણ પ્રકારે જો કોઈ જોખમ કે ત્રાસ અંગે રજૂઆત આવશે તો તાત્કાલીક તે દુર કરવાની વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ નિવડે તો સદર ઢોરવાડા/પશુવાડાનો પરમીટ/ લાયસન્સ રદ કરવામાં આવશે.
- પરવાનો ધરાવનાર કોઈપણ જાનવરને પરવાના વાળી જગ્યાની બહાર રાખશે અગર બાંધશે અગર ઢોરને રખડતા રાખશે તો તેનો પરવાનો રદ્ કરવામાં આવશે.
- પરવાનામાં દર્શાવેલ મંજુર કરેલ ઢોરની સંખ્યા પ્રમાણે તમામ ઢોરને કોર્પોરેશન નિયત કરે તે ઓળખની નિશાની પહેરાવવાની કે લગાડવાની રહેશે. તથા હંમેશા નિભાવવાની કે જાળવવાની રહેશે. પરવાનો આપનાર અધિકારી સૂચવે તે મુજબ પરવાનો ધરાવનારે ઢોરની ઓળખ માટે ઢોર ઉપર ઓળખ પત્ર (આઈડેન્ટીફીકેશન) લગાવવું પડશે અને તે કાયમ સારી હાલતમાં જાળવવાનુ રહેશે.
- મ્યુનિ. કોર્પોરશન વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળે અથવા રોગચાળો ફાટવાની સંભાવના હોય તેવા સજોગોમાં સદર પરવાનો રદ્ કરવાનો અબાધિત અધિકાર પરવાનો આપનાર અધિકારીને રહેશે.
- પરવાનો/પરમીટ/લાયસન્સ અંગે ઉપર જણાવેલ શરતો અને બોલીઓ ઉપરાંત સક્ષમ સત્તા દ્વારા સમયાંતરે થતા ફેરફારને પાલન કરવાના રહેશે.
- ઉપરોક્ત જણાવેલ કોઈપણ શરતનો ભંગ થવાના પ્રસંગે પરવાનો/પરમીટ/લાયસન્સ રદ કરવામાં આવશે.

# <u>નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન</u>

## <u>પરિશિષ્ટ-૨</u>

### <u>તબેલા ચોપગા જાનવરો રાખવા લાયસન્સ / પરમીટ મેળવવા માટેનું અરજી પત્રક</u>

૧. અરજદારનું નામ :

૨. પિતા/પતિનું નામ :

૩. અરજદારનું સરનામું :

૪. પશુ રાખવાના સ્થળનું સરનામું :

૫. જાતિ :

૬. ધંધો :

૭. મોબાઈલ નંબર :

૮. પશુ રાખવાનું પોતાનું સ્થળ ઢોરના તબેલાનું સ્થળ/સ્થાન :

૯. ઢોર રાખવાની જગ્યા પાકી છે કે નહિ (હા/ના) :

૧૦. ઢોર રાખવાની જગ્યા જમીનની છત/છાપરાની ઉંચાઈ (ફૂટમાં દર્શાવવી)(હા/ના):

૧૧. સદર હું જગ્યામાં હવા ઉજાસની પુરતી વ્યવસ્થા છે કે નહિ :

૧૨. ઢોર રાખી શકવાની જગ્યા ઢોર માટે અનુકુળ છે કે કેમ:

૧૩. ઢોર રાખવાની જગ્યામાં મ્યુનિ. કોર્પોરેશનનું નળ/ગટરનું જોડાણ છે કે નહી (હા/ના) :-.

૧૪. ઢોરની સંખ્યા (જેને લાયસન્સ/ પરમીટ મેળવવા અરજી કરેલ છે):

૧૫. ઢોરોને રાખવાની પુરતી જગ્યા છે કે કેમ (હા/ના) જો હા તો કેટલા ચો.ફૂટ :-.

૧૬. ઢોરોનો ઉપયોગ વ્યક્તિગત ધોરણે/ વ્યવસાયીક ધોરણે :-

૧૭. અગાઉ પશુઓની કોઈ નોંધણી કરાવેલ છે કે નહી (હા/ના) :-.

૧૮. જો હોય તો પશુમાલિકનો ઓળખ નંબર :-.

૧૯. પશુમાલિક ધ્વારા તેમના ઘર અને જગ્યાનો પ્રોપર્ટી ટેક્ષ ભરેલ છે કે કેમ (હા/ના) :-

(હા તો પાવતી નકલ રજુ કરવી)

હું ખાતરી પૂર્વક જણાવું છું કે, મે જે ઢોરો રાખવા અંગે જરૂરી પરવાનો મેળવવા અરજી કરેલ છે તેમાં જણાવેલ તમામ ઢોરો મારી પોતાની માલિકીના છે. તથા આ સાથે સામેલ શરતોનું પાલન કરવાની હું બાંહેધરી આપુ છું.

અરજદારની સહી

તારીખ :

- બિડાણ :-
- પશુમાલિકે રજુ કરવાના થતા પુરાવાઓ :-

  - પશુમાલિકના પ્રોપર્ટી ટેક્ષ બિલ તેમજ ભરપાઈ કરેલ ટેક્ષની પાવતીની નકલ
  - અરજદારનું આધાર કાર્ડ, ઈલેક્શન કાર્ડ વિગેરે.
  - ભાડાની જગ્યા હોય તો સંમતીપત્ર તથા માલિકનું આધારકાર્ડ
  - સ્ટેમ્પ ઉપર નિયત નમુનાની પશુમાલિકની એફિડેવીટ.
  - પશુદીઠ પશુની નોંધણી ચાર્જ રૂા. ૨૦૦ ની ચુકવણી કર્યાની રસીદ.
  - નોંધાયેલ પશુમાં લગાવેલ પીળી ટેગ તથા RFID ચીપ નંબર.
  - પશુ રાખવાની જગાના કલર ફોટોગ્રાફ.

---

**કચેરીના ઉપયોગ માટે**

| | checked by | Verified by | Approved by |
|---|---|---|---|
| Emp.no. | | | |
| Emp. Name | | | |
| Designation | | | |

| | |
|---|---|
| લાઈસન્સ/પરમીટ નં. | |
| સમયગાળો | |

# નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન

## પરિશિષ્ટ-૩

ધી બોમ્બે પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ- ૧૯૪૯ ના ચેપ્ટર- ૧૪ ના રૂલ્સ-૨૨/૧ મુજબ ચોપગા જાનવરો રાખવા માટેની લાયસન્સ / પરમીટ નંબર ________________ વર્ષ __________ થી પશુપાલક નામ ____________________________________________
સરનામું ____________________________________________
મોબાઈલ નંબર ________________________ વોર્ડ નં. _______________ જગ્યાનો રેવન્યુ સર્વે ન્ન. ____________ માં જાનવરો જાત ________________ સંખ્યા _____________ રાખવા અંગેના લાયસન્સ / પરમીટ ત્રણ વર્ષ માટે તા. _____________ થી તા. ______________ સુધીની મુદત માટે નિયત શરતોને આધીન રહી આપવામાં આવે છે.

લાયસન્સ/ પરમીટ<br>
આપનારની સહી.

### લાયસન્સ/ પરમીટ તાજુ કર્યા હોવાની વિગત.

| અ.ન્ન. | લાયસન્સ/પરમીટ રીન્યુ કર્યાની તારીખ/નંબર | લાયસન્સ/પરમીટ પૂરી થયાની તારીખ | લાયસન્સ /પરમીટ આપનાર અધિકારીની સહી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |